વડોદરાના બે પરિવારો માટે રાજ્યપાલશ્રીએ મોકલી સ્મૃતિ ભેટ: વાંકાનેર અને બાવળિયામાં રાત્રીરોકાણ દરમિયાન યજમાન બનેલા પરિવાર માટે મોકલી સ્મૃતિ તસવીર

વડોદરા, વડોદરા જિલ્લાના બે ગામોમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી દ્વારા કરાયેલા રાત્રીરોકાણ દરમિયાન તેમના યજમાન બનેલા પરિવારો માટે લોકભવન તરફની સ્મૃતિ તસવીર મોકલવામાં આવી હતી. આ તસવીરોને કલેક્ટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા બન્ને પરિવારોને ભેટ સ્વરૂપ આપવામાં આવી છે. વડોદરા જિલ્લામાં પ્રાકૃતિક ખેતી પ્રત્યે જાગૃતિ ફેલાવવા હેતુસર રાજ્યપાલશ્રીના માર્ગદર્શન હેઠળ આયોજિત રાત્રી સભા કાર્યક્રમોને ખેડૂતો તરફથી ઉત્સાહજનક પ્રતિસાદ મળ્યો છે. તા. ૦૭/૧૧/૨૦૨૫ના રોજ સાવલી તાલુકાના વાંકાનેર ગામ તથા તા. ૦૩/૧૨/૨૦૨૫ના રોજ શિનોર તાલુકાના બાવળીયા ગામ ખાતે યોજાયેલ રાત્રી સભાઓમાં રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતીના મહત્વ, પર્યાવરણ સંરક્ષણમાં તેની ભૂમિકા અને ખેડૂતોના આવકવધારામાં તેની ઉપયોગિતા અંગે વિસ્તારપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું. આ બંને કાર્યક્રમો પૂર્ણ થયા બાદ રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતી અપનાવતા વડોદરા જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતો શ્રી ચંદુભાઈ ગિરધરભાઈ રોહિત અને શ્રી કનુભાઈ પરાગભાઈ પરમારના નિવાસસ્થાને તેમના પરિવારજનો સાથે મુલાકાત કરી પ્રીતિભોજનમાં સહભાગી બની આત્મીયતા વ્યક્ત કરી હતી. રાજ્યપાલશ્રીની આ મુલાકાતથી બંને પરિવારોમાં ગૌરવ અને આનંદની લાગણી પ્રસરી હતી.

વિશ્વ કઠોળ દિવસ ચણાની ઉત્પાદકતામાં ગુજરાત દેશમાં અગ્રેસર; તુવેરની ઉત્પાદકતામાં પણ શ્રેષ્ઠ પ્રદર્શન

કઠોળની ખેતી, ઉત્પાદકતા અને તેના પોષણમૂલ્યને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી વિશ્વભરમાં ૧૦ ફેબ્રુઆરીએ 'વિશ્વ કઠોળ દિવસ' ઉજવવામાં આવે છે. વિશ્વમાં કઠોળના સૌથી મોટા ઉત્પાદક, વપરાશકાર અને આયાતકાર દેશ તરીકે ભારતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કઠોળ આત્મનિર્ભરતા મિશન શરૂ કર્યું છે, જે પોષણ સુરક્ષા અને આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા તરફ એક મોટું પગલું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે આ મિશનમાં સક્રિય ભૂમિકા ભજવતાં તુવેર અને ચણા જેવા કઠોળની ઉત્પાદકતામાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાવી છે.

તુવેર અને ચણાની ઉત્પાદકતામાં ગુજરાતની પ્રગતિ, કઠોળની નિકાસમાં પણ નોંધપાત્ર વધારો

ગુજરાતમાં તુવેર અને ચણાની ઉત્પાદકતામાં વધારો થયો છે. ૨૦૨૧-૨૨થી ૨૦૨૩-૨૪ દરમિયાન તુવેરની સરેરાશ ઉત્પાદકતા પ્રતિ હેક્ટર ૧૧૯૯ કિગ્રા અને ચણાની સરેરાશ ઉત્પાદકતા ૧૭૯૫ કિગ્રા નોંધાઈ હતી. જ્યારે વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૭૧૪ કિગ્રા ચણાની ઉત્પાદકતા સાથે રાજ્યએ પ્રથમ સ્થાન હાંસલ કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત વિવિધ પ્રકારના કઠોળની ખેતી કરે છે, જેમાં ચણા, મગ, અડદ, મઠ, તુવેર અને વટાણાનો સમાવેશ થાય છે. રાજ્ય આ કઠોળની નિકાસ પણ કરે છે. એગ્રીકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઑથોરિટી (APEDA) અનુસાર, એપ્રિલથી નવેમ્બર (૨૦૨૫-૨૬) દરમિયાન, ગુજરાતે વૈશ્વિક બજારોમાં ૬૯.૯૮ મિલિયન ડોલર (લગભગ રૂ.૫૮૧ કરોડ)ના મૂલ્યના ૭૪,૬૫૨.૮૨ મેટ્રિક ટન કઠોળની નિકાસ કરી હતી.

'કઠોળ આત્મનિર્ભર મિશન'થી ગુજરાતમાં કઠોળની ખેતીમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ

ભારત સરકારના આત્મનિર્ભર ભારત મિશનથી પ્રેરિત થઈને ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન કઠોળની ખેતીમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. કઠોળ હેઠળનો કુલ વાવેતર વિસ્તાર ૨૦૧૮-૧૯માં ૬.૬૨ લાખ હેક્ટરથી વધીને ૨૦૨૩-૨૪માં ૧૦.૮૯ લાખ હેક્ટર થયો છે. તેવી જ રીતે, ઉત્પાદન લગભગ ત્રણ ગણું વધીને ૨૦૧૮-૧૯માં ૬.૭૯ લાખ મેટ્રિક ટનથી વધીને ૨૦૨૩-૨૪માં ૧૫.૫૧ લાખ મેટ્રિક ટન થયું છે, જેમાં ચણા, મગ, મઠ અને અડદની ખેતીમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે. ખાસ કરીને, ચણાના વાવેતરમાં અભૂતપૂર્વ વૃદ્ધિ જોવા મળી છે, જેમાં ૨૦૧૮-૧૯માં ૧.૭૩ લાખ હેક્ટરનો વાવેતર વિસ્તાર ૨૦૨૩-૨૪માં ૬.૨૨ લાખ હેક્ટરનો થયો છે, જ્યારે ઉત્પાદન ૨.૩૫ લાખ મેટ્રિક ટનથી વધીને ૧૦.૬૬ લાખ મેટ્રિક ટન થયું છે. ભારત સરકારનું કઠોળમાં આત્મનિર્ભરતા માટેનું મિશન ચણા, તુવેર અને અડદની ખેતીને પ્રોત્સાહન આપે છે. મિશન હેઠળ, ખેડૂતોને પ્રમાણિત બીજ, સબસિડી સાથે ખેતર સંબંધિત પ્રદર્શનો અને ઉત્પાદકતામાં સુધારો કરવા માટે વિશેષ તાલીમ આપવામાં આવે છે. આ ઉપરાંત, વધુ સારી ઉપજ માટે રાજ્ય સરકારે સીડ રિપ્લેસમેન્ટ રેટ યોજના અમલમાં મૂકી છે, જે ખેડૂતોને ગુણવત્તાયુક્ત પ્રમાણિત બીજ મળે તેની ખાતરી કરે છે.

આધુનિક કૃષિ પદ્ધતિઓ દ્વારા ઉત્પાદકતાને પ્રોત્સાહન

કૃષિ ક્ષેત્રે ઉત્પાદકતા વધારવા માટે ખેડૂતો વધુને વધુ આધુનિક કૃષિ પદ્ધતિઓ અપનાવી રહ્યા છે. યાંત્રિકીકરણ, સુધારેલી હાઈબ્રિડ જાતો, પ્રમાણિત બીજ, જંતુનાશકો અને ખાતરોનો ડ્રોન આધારિત છંટકાવ અને બીજને મજબૂત બનાવવાની તકનીકો દ્વારા ઉપજમાં વધારો થઈ રહ્યો છે. ટપક સિંચાઈ અને છંટકાવ જેવી કાર્યક્ષમ સિંચાઈ પદ્ધતિઓ, ઓર્ગેનિક ખાતરો તથા મિશ્ર અને આંતરપાક ખેતીથી સંસાધનોના ઉપયોગમાં સુધારો થઈ રહ્યો છે. થ્રેશર, કમ્બાઈન હાર્વેસ્ટર, ટ્રેક્ટર અને ગ્રેડર જેવા યાંત્રિક સાધનોથી ખેતીની કામગીરી સરળ બની છે, મજૂરી ઘટી છે અને કાર્યક્ષમતા વધી છે. સંકલિત, કુદરતી અને જૈવિક ખેતી પદ્ધતિઓથી પણ કઠોળના ઉત્પાદનમાં વધારો થયો છે.

અમદાવાદ: ૮૧ વર્ષના વૃદ્ધને 'ડિજિટલ અરેસ્ટ' કરી ૯.૪ લાખની લૂંટ, CBI અને મુંબઈ પોલીસના નામે ધમકાવી પડાવ્યા રૂપિયા

અમદાવાદ, શહેરમાં સાયબર ફ્રોડની ઘટનાઓ દિન-પ્રતિદિન વધી રહી છે. જેમાં હવે શિક્ષિત અને વરિષ્ઠ નાગરિકોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. શહેરના સોલા વિસ્તારમાં રહેતા ૮૧ વર્ષીય દશરથભાઈ જીવનલાલ પટેલ સાથે પણ કંઈક આવું જ બન્યું છે. સાયબર ગઠિયાઓએ મુંબઈ પોલીસ અને CBI અધિકારી બનીને વૃદ્ધને મની લોન્ડરિંગના ખોટા કેસમાં ધરપકડની ધમકી આપી રૂ. ૯.૪ લાખની છેતરપિંડી આચરી છે. દશરથભાઈએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, આ ઘટના ૩ ફેબ્રુઆરીથી ૬ ફેબ્રુઆરી દરમિયાન બની હતી. તેમને 'સંદીપ રાવ' નામના વ્યક્તિનો ફોન આવ્યો હતો. જેણે પોતાની ઓળખ મુંબઈના કોલાબા પોલીસ સ્ટેશનના અધિકારી તરીકે આપી હતી. ઠગે દાવો કર્યો હતો કે, દશરથભાઈના આધાર કાર્ડનો ઉપયોગ ઉદ્યોગપતિ નરેશ ગોયલ સાથે જોડાયેલા હાઈ-પ્રોફાઈલ મની લોન્ડરિંગ કેસમાં થયો છે અને CBI તેમની 'ગુપ્ત' તપાસ કરી રહી છે.

ઠગબાજોએ વિશ્વાસ જીતવા માટે વોટ્સએપ વિડિયો કોલ દરમિયાન અંગ્રેજીમાં લખેલું એક નકલી ધરપકડ વોરંટ બતાવ્યું હતું. તેમણે વૃદ્ધને ધમકી આપી હતી કે, મની લોન્ડરિંગના કેસમાં જામીન મળતા નથી. વધુમાં, તેમને ડરાવવા માટે કહેવામાં આવ્યું હતું કે સાદા કપડામાં પોલીસ અધિકારીઓ તેમના ઘરની બહાર વોચ રાખી રહ્યા છે.

ફોર્મ નં. URC.2

પ્રકરણ XXI ના ભાગ I હેઠળ નોંધણી અંગે સૂચના આપતી જાહેરાત ધ કંપનીઓ અધિનિયમ, ૨૦૧૩ ની કલમ 374(b) તથા કંપનીઓ (નોંધણી માટે અધિકૃત) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૪૧ અનુસાર)

૧. આથી જાહેર કરવામાં આવે છે કે કંપનીઓ અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૩૬૬ ની પેટા-કલમ (૨) અનુસાર, રજીસ્ટર એટ્ અમદાવાદ, ગુજરાત અને/રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ,સેન્ટ્રલ રજીસ્ટ્રેશન સેન્ટર, ગુડગાંવ ખાતે અરજી કરવામાં આવી રહી છે કે જયલબ્ધિ ઈન્ડસ્ટ્રીઝ એલએલપી એક મર્યાદિત જવાબદારી ભાગીદારીને કંપનીઓ અધિનિયમ, ૨૦૧૩ ના પ્રકરણ XXI ના ભાગ I હેઠળ શેર દ્વારા જયલબ્ધિ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (પ્રસ્તાવિત નામ)ની મર્યાદિત કંપની તરીકે નોંધણી કરવામાં આવે.

૨. કંપનીનો મુખ્ય ઉદ્દેશ નીચે મુજબ છેઃ-
તમામ પ્રકારના પ્લાસ્ટિક કાચા માલ અને ઉત્પાદનોમાં આયાતકારો, નિકાસકારો, ઉત્પાદકો, એજન્ટો અને પ્રતિનિધિઓ અને ડીલરોનો વ્યવસાય ચાલુ રાખવા માટે.

૩ પ્રસ્તાવિત કંપનીના ડ્રાફ્ટ મેમોરેન્ડમ અને એસોસિએશનના લેખોની નકલ પ્લોટ નં-ડબ્લ્યુપી-૧૮૨, જીઆઈડીસી મહિલા પાર્ક બોલ-જીઆઈડીસી બોલ, સાણંદ, અમદાવાદ, ગુજરાત, ભારત, ૩૮૨૧૧૦ ખાતેની ઓફિસમાં તપાસી શકાય છે.

૪ આથી સૂચના આપવામાં આવે છે કે આ અરજી સામે વાંધો ઉઠાવનાર કોઈપણ વ્યક્તિ પોતાનો વાંધો કંપનીઓના રજિસ્ટર, સેન્ટ્રલ રજિસ્ટ્રેશન સેન્ટર (CRC), કોર્પોરેટ અફેર્સ મંત્રાલય, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોર્પોરેટ અફેર્સ (IICA), પ્લોટ નં. ૬,૭,૮, સેક્ટર ૫, IMT માનેસર, જિલ્લો ગુડગાંવ (હરિયાણા), પિન કોડ-૧૨૨૦૫૦ અથવા/અને રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ ગુજરાત, આરઓસી ભવન, રૂપલ પાર્ક સામે, અંકુર બસ સ્ટેન્ડ પાસે, નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩, ગુજરાત,ભારત ને લેખિતમાં જણાવી શકે છે. આ સૂચનાના પ્રકાશનની તારીખથી એકવીસ દિવસની અંદર, કંપનીને તેની રજિસ્ટર્ડ ઓફિસમાં એક નકલ સાથે મોકલી શકાય છે.

તારીખ : શુક્રવાર ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬

નિશાંત ભરતભાઈ વર્ધમાની
પ્રસ્તાવિત પાર્ટનર
ડિપીઆઈએન નં. : ૦૦૧૬૮૬૮૩

Emrock Corporation Limited

[Formerly, Vaghani Techno - Build Limited]
CIN: L41001GJ1994PLC168513
7th Floor, 715, Anushri Accolade-2, Nr. Ugati Lakeview, Science City Road, Sola, Ahmedabad-380060, Gujarat
Email id- vtbl1987@gmail.com ; Website - www.vaghanitechnobuild.com

Extract of Un-Audited Standalone Financial Results for the Quarter Ended on 31st December,2025
(Amt. in lakhs except EPS)

Sr. No.	Particulars	Quarter Ended			Year Ended	
		31.12.2025	30.09.2025	31.12.2024	31.03.2025	31.03.2024
		(Unaudited)	(Unaudited)	(Unaudited)	(Audited)	(Audited)
1	Total Income from Operations	56.70	49.61	4.22	54.62	67.4
2	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items#)	51.96	35.24	1.17	21.14	23.11
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional items and/or Extraordinary items#)	51.96	35.24	1.17	21.14	23.11
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items#)	38.33	24.57	1.17	15.53	17
5	Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	38.33	24.57	1.17	15.53	17
6	Equity Share Capital	1582.00	522.00			
7	Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year	-			211.26	194.26
8	Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) - 1. Basic	0.24	0.47	0.02	0.01	0.33
	2) Diluted:	0.24	0.47	0.02	0.01	0.33

Notes:
1. The above results is an extract of the detailed format of Un-audited financial result for the quarter ended on 31st December, 2025 filed with stock exchange under Regulation 33 of SEBI (listing Obligations and Disclosure Require-ments) Regulation 2015. The full format of the Financial Results is available on the website of the stock exchange (www.bseindia.com) and the website of the company (www.vaghanitechnobuild.com). These Results can also be accessed by scanning the QR Code provided at the bottom.
2. The above results have been reviewed and recommended by the Audit Committee and approved by the Board of Directors in their meeting held on Februay 12, 2026. The statutory Auditors have reviewed the above Unaudited financial Results.
3. These financial results have been prepared in accordance with the recognition and measurement principles under Ind AS as prescribed under Section 133 of the Companies Act, 2013 read with the relevant rules issued thereunder and the other accounting principles generally accepted in India.
4. Figures for the corresponding previous period (s) have been regrouped/reclassified/restated wherever necessary to make them comparable with those of the current period.

Emrock Corporation Limited
(Formerly, VAGHANI TECHNO - BUILD LIMITED)
Sd/-
JATINKUMAR TULSIBHAI PATEL
Managing Director
(DIN: 01473158)

Place: Ahmedabad
Date: 12-02-2026

પોપ્યુલર એસ્ટેટ મેનેજમેન્ટ લિમિટેડ

સીઆઈએન : L65910GJ1994PLC023287
રજી. ઓફિસ: ૮, ૧૮ ફ્લોર એ વિંગ, ન્યૂ યોર્ક ટાવર, મુક્તિધામ દેરાસર પાસે
થલતેજ, એસ. જી. હાઈવે, અમદાવાદ -૩૮૦૦૫૪
ઈ-મેલ: popularestatemanagement@yahoo.co.in, ફોન. ૦૭૯-૨૬૮૫૮૮૮૧

૩૧ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક સ્ટેન્ડઅલોન અનઓડિટેડ નાણાકીય પરિણામોનો ઉતારો

(રૂ. લાખ મા.)

	વિગત	સ્ટેન્ડઅલોન ક્વાર્ટર સમાપ્ત			સ્ટેન્ડઅલોન અર્ધ વર્ષ સમાપ્ત		સ્ટેન્ડઅલોન વર્ષ સમાપ્ત
		૩૧.૧૨.૨૦૨૫	૩૦.૦૯.૨૦૨૫	૩૧.૧૨.૨૦૨૪	૩૧.૧૨.૨૦૨૫	૩૧.૧૨.૨૦૨૪	૩૧.૦૩.૨૦૨૫
		અનઓડિટેડ	અનઓડિટેડ	અનઓડિટેડ	અનઓડિટેડ	અનઓડિટેડ	ઓડિટેડ
૧	કામગીરીમાંથી કુલ આવક (નેટ)	૦	૦	૦૦	૦	૦	૪૬.૫૮
૨	અપવાદરૂપ અને અસાધારણ વસ્તુઓ અને કર પહેલાંના સમયગાળા માટે નફો / (નુકસાન).	-૫.૧૧	-૭.૬૫	-૧૧.૭૪	-૨૨.૨૨	-૫૫.૭૪	-૨૦.૯૨
૩	અપવાદરૂપ આઈટમ પછી કર પહેલાંના સમયગાળા માટે નફો / (નુકસાન).	-૫.૧૧	-૭.૬૫	-૧૧.૭૪	-૨૨.૨૨	-૫૫.૭૪	-૩૫.૫૧
૪	અપવાદરૂપ વસ્તુ પછીના સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન)	-૫.૧૧	-૭.૬૫	-૧૧.૭૪	-૨૨.૨૨	-૫૫.૭૪	-૩૫.૫૧
૫	સમયગાળા માટે કુલ વ્યાપક આવક તે સમયગાળા માટે નફો / (નુકસાન) (કર પછી) અને અન્ય વ્યાપક આવક (કર પછી)	-૫.૧૧	-૭.૬૫	-૧૧.૭૪	-૨૨.૨૨	-૫૫.૭૪	-૩૫.૫૧
૬	ઇક્વિટી શેર કેપિટલ મૂળકિંમત રૂ. ૧૦/- દરેક શેરની)	૧૪૦૦.૦૨	૧૪૦૦.૦૨	૧૪૦૦.૦૨	૧૪૦૦.૦૨	૧૪૦૦.૦૨	૧૪૦૦.૦૨
૭	અનામત અને સરપ્લસ (રિવેલ્યુએશન અનામત સિવાય)	--	--	--	--	--	--
૮	ઇક્વિટી શેર દીઠ કમાણી રૂ.(અપવાદરૂપ અને અસાધારણ વસ્તુઓ પછી)						
	બેઝિક	-૦.૦૪	-૦.૦૫	-૦.૦૮	-૦.૧૬	-૦.૪૦	-૦.૨૫
	ડાઇલ્યૂટેડ	-૦.૦૪	-૦.૦૫	-૦.૦૮	-૦.૧૬	-૦.૪૦	-૦.૨૫

નોંધ :
૧. ઉપરના પરિણામોની સમીક્ષા ઓડિટ કમિટી અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા મંજૂરી તેમની સંબંધિત બોર્ડ મીટિંગમાં ફેબ્રુઆરી ૧૧, ૨૦૨૬ ના રોજ કરવામાં આવી હતી.
૨. નાણાકીય પરિણામો કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની કલમ ૧૩૩ અને અન્ય હિસાબી સિદ્ધાંતો અને નીતિઓ લાગુ પડે તેટલી હદ સુધી કંપનીઝ (ભારતીય એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ્સ) નિયમ, ૨૦૧૫ (IndAS) અનુસાર તૈયાર કરવામાં આવ્યા છે.
૩. સેબી (LODR) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના નિયમન ૩૩ હેઠળ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક માટેના સ્ટેન્ડઅલોન અનઓડિટેડ નાણાકીય પરિણામોના વિગતવાર ફોર્મેટનો એક ઉતારો છે. સ્ટેન્ડઅલોન નાણાકીય પરિણામો સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com; અને કંપનીની વેબસાઈટ https://www.popularestatemanagement.in// પર ઉપલબ્ધ છે. સ્ટેન્ડઅલોન અનઓડિટેડ નાણાકીય પરિણામો નીચેના Qr Code પરથી ડાઉનલોડ કરી શકાશે.

સ્થળ : અમદાવાદ
તારીખ: ૧૧.૦૨.૨૦૨૬

પોપ્યુલર એસ્ટેટ મેનેજમેન્ટ લિમિટેડ માટે
સહી —
વિક્રમ પટેલ
ડિરેક્ટર
ડીનનંબર :૦૦૧૬૬૭૦૭

ભૌતિક કબજા નોટીસ

ICICI Bank શાખાનું સરનામું : આઈસીઆઈસીઆઈ બેંક લિ., ઓફીસ નં.૨૦૧-બી, બીજો માળ, રોડ નં.૧, પ્લોટ નં.-બી૩, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, થાણે (વેસ્ટ) -૪૦૦૬૦૪.

સિક્યોરિટાઇઝેશન, રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વાંચવામાં આવતી કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને, અધિકૃત આઈસીઆઈસીઆઈ બેંક અધિકારીએ નીચે દર્શાવેલ દેવાદાર(ઓ) ને નોટિસ પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર નોટિસમાં ઉલ્લેખિત રકમ ચૂકવવા માટે ડિમાન્ડ નોટિસ જારી કરી છે.
રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી, દેવાદાર અને સામાન્ય જનતાને નોટિસ જારી કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ તારીખો પર ઉપરોક્ત નિયમોના નિયમ ૮ સાથે વાંચવામાં આવતી કાયદાની કલમ ૧૩(૪) હેઠળ તેમને/તેણીને આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે દર્શાવેલ મિલકતનો કબજો લેવામાં આવ્યો છે. ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે મિલકત સાથે વ્યવહાર ન કરે. મિલકત સાથે કોઈપણ વ્યવહાર આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડના શુલ્કને આધીન રહેશે.

ક્રમ નં	દેવાદાર(રો)નું નામ / લોન એકાઉન્ટ નંબર	મિલ્કતની વિગત / ભૌતિક કબજાની તારીખ	ડિમાન્ડ નોટીસની તારીખ / ડિમાન્ડ નોટીસમાંની રકમ (રૂા.)	શાખાનું નામ
૧.	પૂર્ણિમા કુમારી પાત્રા/ સાબિત્રી પ્રસાદ પાંડા- **LBBRD00005032050**	ફ્લેટ નં. જી-૧૦૩, પહેલો માળ, ટાવર-જી સ્વર્ણિમ સ્ક્વેર, બ્રાઈટ સ્કૂલ પાસે, એસ્સાર પેટ્રોલ પંપ સામે, બ્લોક નં. ૩૨૪, જૂનો સર્વે નં. ૩૭૬, એફ.પી. નં. ૧૦, ઓ.પી. નં. ૯, ટી.પી. સ્કીમ નં. ૩, ભાયલી, વડોદરા-૩૯૧૪૧૦/૦૮ ફેબ્રુઆરી ૨૦૨૬	May 17, 2025 Rs. 14,97,951.00/-	વડોદરા
૨.	મિતાલી બારોટ/ દેવેન્દ્ર બારોટ- **LBBRD00002247139**	મિલકત-૧: દુકાન નં. ૧૨, ગ્રાઉન્ડ ફ્લોર, સેમી બેઝમેન્ટ, ક્લાસિક એપાર્ટમેન્ટ, અકોટા ગાર્ડન ચાર રસ્તા પાસે, આર.એસ. નં. ૫૧, ટી.પીએસ. નં. ૧, એફ.પી. નં. ૬૩, ગોરવા, અકોટા, વડોદરા ૩૯૦૦૨૦. મિલકત-૨: દુકાન નં. ૧૨-એ, ગ્રાઉન્ડ ફ્લોર, સેમી બેઝમેન્ટ, ક્લાસિક એપાર્ટમેન્ટ, અકોટા ગાર્ડન ચાર રસ્તા પાસે, આર.એસ. નં. ૫૧, ટી.પીએસ. નં. ૧, એફ.પી. નં. ૬૩, ગોરવા, અકોટા, વડોદરા ૩૯૦૦૨૦. મિલકત-૩: દુકાન નં. ૧૪, ગ્રાઉન્ડ ફ્લોર, સેમી બેઝમેન્ટ, ક્લાસિક એપાર્ટમેન્ટ, અકોટા ગાર્ડન ચાર રસ્તા પાસે, આર.એસ. નં. ૫૧, ટી.પીએસ. નં. ૧, એફ.પી. નં. ૬૩, ગોરવા, અકોટા, વડોદરા ૩૯૦૦૨૦. મિલકત-૪: દુકાન નં. ૧૫, ગ્રાઉન્ડ ફ્લોર, સેમી બેઝમેન્ટ, ક્લાસિક એપાર્ટમેન્ટ, અકોટા ગાર્ડન ચાર રસ્તા પાસે, આર.એસ. નં. ૫૧, ટી.પીએસ. નં. ૧, એફ.પી. નં. ૬૩, ગોરવા, અકોટા, વડોદરા ૩૯૦૦૨૦/ ૦૮ ફેબ્રુઆરી ૨૦૨૬	June 18, 2025 Rs. 23,19,124.56/-	વડોદરા
૩.	મિતાલી બારોટ/દેવેન્દ્ર બારોટ/ મેસર્સ. વુલ્ગેટ- **LBBRD00006071505**	મિલકત-૧: દુકાન નં. ૧૨, ગ્રાઉન્ડ ફ્લોર, સેમી બેઝમેન્ટ, ક્લાસિક એપાર્ટમેન્ટ, અકોટા ગાર્ડન ચાર રસ્તા પાસે, આર.એસ. નં. ૫૧, ટી.પીએસ. નં. ૧, એફ.પી. નં. ૬૩, ગોરવા, અકોટા, વડોદરા ૩૯૦૦૨૦. મિલકત-૨: દુકાન નં. ૧૨-એ, ગ્રાઉન્ડ ફ્લોર, સેમી બેઝમેન્ટ, ક્લાસિક એપાર્ટમેન્ટ, અકોટા ગાર્ડન ચાર રસ્તા પાસે, આર.એસ. નં. ૫૧, ટી.પીએસ. નં. ૧, એફ.પી. નં. ૬૩, ગોરવા, અકોટા, વડોદરા ૩૯૦૦૨૦. મિલકત-૩: દુકાન નં. ૧૪, ગ્રાઉન્ડ ફ્લોર, સેમી બેઝમેન્ટ, ક્લાસિક એપાર્ટમેન્ટ, અકોટા ગાર્ડન ચાર રસ્તા પાસે, આર.એસ. નં. ૫૧, ટી.પીએસ. નં. ૧, એફ.પી. નં. ૬૩, ગોરવા, અકોટા, વડોદરા ૩૯૦૦૨૦. મિલકત-૪: દુકાન નં. ૧૫, ગ્રાઉન્ડ ફ્લોર, સેમી બેઝમેન્ટ, ક્લાસિક એપાર્ટમેન્ટ, અકોટા ગાર્ડન ચાર રસ્તા પાસે, આર.એસ. નં. ૫૧, ટી.પીએસ. નં. ૧, એફ.પી. નં. ૬૩, ગોરવા, અકોટા, વડોદરા ૩૯૦૦૨૦/ ૦૮ ફેબ્રુઆરી ૨૦૨૬	June 18, 2025 Rs. 1,28,68,085.52/-	વડોદરા

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહીં બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવેલ છે, જો નાણાં પરત કરવામાં નહીં આવે તો સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ- ૨૦૦૨ની કલમ ૮ અને ૯ ની જોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલકતો આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : ફેબ્રુઆરી ૧૩, ૨૦૨૬,
સ્થળ : વડોદરા

નિષ્ઠાવાન અધિકૃત અધિકારી,
આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ વતી

ટ્રુહોમ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિ.)

Truhome FINANCE

હેડ ઓફિસ : લેવલ - ૩, વોકહાર્ટ ટાવર્સ, પૂર્વ વિંગ, સી-૨, જી-બ્લોક, બાન્દ્રા કુરલા કોમ્પ્લેક્ષ, બાન્દ્રા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૧, **ટેલિ. નં.** ૧૮૦૦ ૧૦૨ ૪૩૪૫, **વેબસાઈટ :** http://www.shriramfinance.in
રજીસ્ટર્ડ ઓફિસ: શ્રીનિવાસ ટાવર, પહેલો માળ, દુન નં. ૫, જુનો નં. ૧૧, બીજી લેન, સેનાટોફ રોડ, અલવરપેટ, ટેનામ્પેટ, ચેન્નાઈ-૬૦૦૦૧૮.

પરિશિષ્ટ-૪-એ (નિયમ ૮(૧) ની જોગવાઈ જુઓ) સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ

સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી નોટીસ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ સાથે વાંચવામાં આવી છે. આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તા અને જામીનદારોને સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિમીટેડ પાસે ગીરો / ચાર્જ કરેલ છે. **ટ્રુહોમ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિ.)** ના અધિકૃત અધિકારી દ્વારા **પ્રત્યક્ષ કબજો** લેવામાં આવ્યો છે તે મિલકત **"જેમ છે ત્યાં છે" "જેમ છે તે છે" અને "જે ત્યાં છે"** પર વેચવામાં આવશે. **ટ્રુહોમ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિ.)** ને બાકીની રકમની વસુલાત માટે ઈ-હરાજીના આધારે, ટેબલમાં જણાવ્યા મુજબ, ઉધારકર્તા અને જામીનદારો અને બાંયધરી આપનારની વિગતો, બાકી રકમ, સ્થાવર મિલકતનું ટુંકું વર્ણન અને તેના પર જાણીતા બોજો, કબજાનો પ્રકાર, અનામત કિંમત અને બાનાની થાપણ અને બીડ વધારવાની રકમ પણ આપવામાં આવે છે.

ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/ જામીનદારો/મોર્ગેજરોનું નામ	ડીમાન્ડ નોટીસ ૧૩(૨) હેઠળ બાકી રકમ	અનામત કિંમત (રૂા.) અને બીડ વધારવાની રકમ / અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) (રૂા.)	હરાજીની તારીખ, સમય	સંપર્ક વ્યકિતનું વર્ણન (અધિકૃત અધિકારી અને ટીમ)
(૧). લવકુશ વંશલોચન મિશ્રા અને (૨). રાજલખીદેવી વંશલોચન મિશ્રા, હાલનું સરનામું : ફ્લેટ નં. ૪૦૧, હરીકૃષ્ણા વિલા, યોગી દર્શન સોસાયટી, એસ. ડી જૈન સ્કુલની પાછળ, પલસાણા, સુરત, ગુજરાત - ૩૯૪૩૧૫ **અને અહીં પણ :** રેહરી પત્રાહી, જૌનપુર, જૌનપુર, ઉત્તરપ્રદેશ - ૨૨૨૧૨૯ **અને અહીં પણ :** ફ્લેટ નં. ૫૦૭, પાંચમો માળ, હરીક્રિષ્ના વિલા, યોગી દર્શન, એસ. ડી જૈન સ્કુલની પાછળ, પલસાણા, સુરત, ગુજરાત - ૩૯૪૩૧૫. **લોન એકાઉન્ટ નં. SHLHSRAT0001156** **પઝેશનની તારીખ અને પઝેશનનો પ્રકાર:** ૧૪.૦૯.૨૦૨૫ અને પ્રત્યક્ષ કબજો **બોજો જાણમાં:** જાણમાં નથી	ડીમાન્ડ નોટીસ તા. ૧૬/૧૨/૨૦૨૪ રૂા. ૮,૫૪,૮૯૯/- (રૂા. આઠ લાખ ચોપન હજાર આઠસો નવ્વાણું પુરા), તા. ૦૯.૧૨.૨૦૨૪ ના સુધી, લોન એકાઉન્ટ નં. SHLHSRAT0001156 વત્તા ચડત વ્યાજ સાથે ૬૦ દિવસની નોટીસ માં જણાવ્યા મુજબ	**રૂા. ૩,૫૦,૦૦૦/- (રૂા. ત્રણ લાખ પચ્ચાસ હજાર પુરા), બીડ વધારવાની રકમ : રૂા. ૧૦,૦૦૦/- (રૂા. દસ હજાર પુરા) દરેકના ગુણાંકમાં** **અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) (રૂા.):** રૂા. ૩૫,૦૦૦/- (રૂા. પાંત્રીસ હજાર પુરા) અને ઈએમડી ભરવાની છેલ્લી તારીખ : તા. ૧૬.૦૩.૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	તા. ૧૭.૦૩.૨૦૨૬ અને સમય : સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦ વાગ્યા સુધી	અશરફ પટકા ૯૮૧૯૪૧૫૪૭૭ સંદિપ મહાજન ૯૯૯૮૯૪૪૯૫૫ મિલકતનું નિરીક્ષણ તા. ૨૪.૦૨.૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦ કલાક સુધી

મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સા સાથેનો ફ્લેટ નં. ૫૦૭, પાંચમો માળ, સુપર બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૬૩૨ સ્કે. ફીટ. અને બિલ્ટ અપ એરીયાનું ૩૭૯.૦૦ સ્કે. ફીટ. એટલે કે ૩૫.૨૧ સ્કે.મી., અવિભાજીત હકકેને હિસ્સા સાથેની જમીન, હરીકૃષ્ણા વિલા થી જાણીતું, બાંધકામનો પ્લોટ નં. ૮૩ થી ૮૫, પ્લાન મુજબ કુલ ક્ષેત્રફળ ૨૩૨.૦૯ સ્કે.મી., કેજેપી મુજબ ક્ષેત્રફળ ૨૨૮.૧૦ સ્કે. મી., યોગી દર્શન સોસાયટી, જે સ્થિત આર.એસ. નં. ૫૨૫, બ્લોક નં. ૫૨૬ પૈકી ૧, ગામ - પલસાણા, તાલુકો - પલસાણા, જીલ્લો - સુરત. **ચતુઃસીમા :- પૂર્વે :** રોડ, **પશ્ચિમે :** પ્લોટ નં. ૭૪, ૭૫ અને ૭૬, **ઉત્તરે :** સીઓપી - ૨, **દક્ષિણે :** બ્લોક નં. ૫૬૩.

(૧). વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, અન્ય માહિતી માટે ટ્રુહોમ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાઈનાન્સ લિમીટેડ) ની વેબસાઈટ ની પણ મુલાકાત લઈ શકે છે.
(૨). ઈચ્છુક બોલી લગાવનારાઓએ RTGS / NEFT દ્વારા જમા કરાવવા માટે તેમની EMD રકમ નીચે દર્શાવેલ ખાતાની વિગતોમાં જમા કરાવવાની રહેશે : બેંકનું નામ : એકિસસ બેંક લિમિટેડ, શાખા, બાન્દ્રા કુરલા કોમ્પ્લેક્ષ, મુંબઈ, શાખા એકાઉન્ટ નં. ચાલુ એકાઉન્ટ નં. 911020045677633, IFCS CODE : UTIB0000230.
(૩). મોર્ગેજરો / ઉધારકર્તાઓને હરાજી પહેલા વધુ વ્યાજ સાથે કુલ લેણાં ચુકવવાની છેલ્લી તક આપવામાં આવે છે, જો તેમાં નિષ્ફળતા ઉપરના સમયપત્રક મુજબ સુરક્ષીત મિલકતના વેચાણ કરવામાં આવશે.
(૪). મહેરબાની કરીને નોંધ કરો કે સુકક્ષીત લેણદાર ઝડપ / રજીસ્ટર્ડ પોસ્ટ દ્વારા તમામ ઉધારકર્તાઓ / જામીનદારો / મોર્ગેજરોને વેચાણ નોટીસ ઈશ્યુ કરશે. જો તે કોઈપણ પક્ષકારો દ્વારા પ્રાપ્ત ન થાય, તો વેચાણની સુચનાના આ પ્રકાશનને સેવાના અવેજી મોડ તરીકે ગણવામાં આવશે.

સ્થળ : સુરત
તારીખ : ૧૩-૦૨-૨૦૨૬

સહી/-, અધિકૃત અધિકારી, ટ્રુહોમ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિ.)

ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક લિ. (અગાઉ ઇક્વિટાસ ફાઇનાન્સ લિમિટેડ તરીકે જાણીતી)

equitas SMALL FINANCE BANK LTD

રજીસ્ટર્ડ ઓફિસ : નંબર ૭૬૯, સ્પેન્સર પ્લાઝા, ચોથો માળ, ફેઝ-૨, અન્ના સલાઇ, ચેન્નાઈ - ૬૦૦૦૦૨.
પ્રાદેશિક કાર્યાલય: ૩૦૫-૩૦૬, ત્રીજો માળ, અભિશ્રી એડ્રોઇટ, સનરાઇઝ મોલ પાસે, માનસી સર્કલ, જજીસ બંગ્લો રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૧૫

સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટીસ

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮ (૬) અને ૯ સાથે વંચાતા સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ

આથી ખાસ કરીને દેવાદારો, સહ-દેવાદારો, જામીનદારો અને ગીરવેદારો અને જાહેર જનતાને આથી નોટીસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો સિક્યોર્ડ લેણદારને ગીરો કરાયેલ છે, જેનો પ્રત્યક્ષ કબજો ઇક્વિટાસ સ્મોલ ફાયનાન્સ બેંક લીમીટેડના અધિકૃત અધિકારીએ લઈ લીધો છે, જેનું "જ્યાં છે", "જે છે" અને "જેમ છે" ના ધોરણે નીચેના દેવાદારો પાસેથી ઇક્વિટાસ સ્મોલ ફાયનાન્સની બાકી રકમની વસુલાત માટે વેચવામાં આવશે.

Sr	દેવાદાર(રો) અને જામીનદાર(રો) નું નામ અને સરનામું કુલ બાકી + વ્યાજ	સ્થાવર મિલકતની વિગત
1	**શ્રીમતી ભારતીબેન અમરતભાઈ પ્રજાપતિ પત્ની સ્વ. શ્રી અમરતભાઈ પ્રજાપતિ (જામીનદાર અને ગિરવેદાર અને કાનૂની વારસદાર સ્વ. શ્રી અમરતભાઈ રૂપાભાઈ પુત્ર શ્રી રૂપાભાઈ પ્રજાપતિ અને તમામ કાનૂની વારસદારોના પ્રતિનિધિ સ્વ. શ્રી અમરતભાઈ રૂપાભાઈ પ્રજાપતિ પુત્ર શ્રી રૂપાભાઈ)** **બંને નું સરનામું -** ૨૧-બી, રિદ્ધિ સોસાયટી, ગામ ડીસા તાલુકા ડીસા જિલ્લો બનાસકાંઠા, ડીસા, મુળીયા ડાક ઘર – ૩૮૫૫૩૫. **અહીં પણ :** પ્લોટ નંબર ૬૭ પાઈકી નોર્થ સાઈડ, રચના સોસાયટી, એક્સેલન્સી હોટલની સામે, ડીસા, મુળીયા ડાક ઘર, બનાસકાંઠા, ગુજરાત - ૩૮૫૫૩૫. **બાકી રકમ -** ૧૧.૦૨.૨૦૨૬ ના રોજ રૂ. ૨૫,૩૪,૬૪૭.૦૦/- (રૂપિયા પચીસ લાખ ચોત્રીસ હજાર છસો સત્તાલસ માત્ર) ૧૨.૦૨.૨૦૨૬ થી વધુ વ્યાજ સાથે	**ભારતીબેન અમરતભાઈ પ્રજાપતિની માલિકીની રહેણાંક મિલકત** રહેણાંક મિલકત નો રેવન્યુ સર્વે ન. ૪૭/૨ પૈકી, પ્લોટ નંબર ૬૭ પૈકી ઉત્તર બાજુ, વિસ્તાર કુલ ૬૪.૮૨ ચોરસ મીટર, આમ રચના સોસાયટી, રાજપુર, તાલુકો - ડીસા, જિલ્લો :- બનાસકાંઠા, ઉત્તર ગુજરાત. ચતુ: સીમા - ઉત્તર: જયંતનગર ઘર, દક્ષિણ: બાકી રહેલ પ્લોટ જમીન, પૂર્વ: જમીન આર.એસ. નં. ૪૮ અને પશ્ચિમ - ૨૦.૦૦ ફૂટનો રસ્તો.
2.	**૧. શ્રી વાલંદ જીગરકુમાર સતીષભાઈ પુત્ર શ્રી સતીષભાઈ (અરજદાર/ઉધાર લેનાર અને ગિરવેદાર)** **૨. શ્રી વાલંદ પ્રશાંત સતીષભાઈ પુત્ર શ્રી સતીષભાઈ (સહ-અરજદાર/સહ-ઉધાર લેનાર)** **બંને નું સરનામું -** પારેખ સ્ટ્રીટ, ડેમોલ, આણંદ, ગુજરાત-૩૮૭૭૧૦. **ક્રમ ન. ૧ અહીં પણ -** મિતુલ હેર આર્ટ, બાકરોલ ગેટ પાસે, આણંદ, ગુજરાત - ૩૮૮૦૦૧. **અને :** પ્લોટ નંબર ૩૮, આરાધ્યા વિલા, બંસરી વિલાની બાજુમાં, પીજ, નડિયાદ, તાલુકો વસો, જિલ્લો ખેડા-૩૮૭૦૦૧. **ક્રમ ન. ૨ અહીં પણ -** ફ્લેટ નંબર 2151, ખોડિયાર સોસાયટી, લાંભવેલ, આણંદ, ગુજરાત-૩૮૭૩૧૦. **અને:** ઓલ ન્યૂ સ્ટાઈલ હેર એન્ડ કેર, જી-૧, શ્રી રામ સદન કોમ્પ્લેક્સ, કરમસદ-વિદ્યાનગર રોડ, વી.વી. નગર, આણંદ, ગુજરાત-૩૮૮૦૦૧. **બાકી રકમ -** ૧૧.૦૨.૨૦૨૬ ના રોજ રૂ. ૨૦,૮૦,૦૯૪.૦૦/- (રૂપિયા વીસ લાખ એંસી હજાર ચોરાણું માત્ર) ૧૨.૦૨.૨૦૨૬ થી વધુ વ્યાજ સાથે	**શ્રી વાલંદ જીગરકુમાર સતીષભાઈ ની માલિકી ની મિલકત** તમામ ભાગ અને હિસ્સા સાથે ની મિલકત નો પ્લોટ નં. ૩૮, વિસ્તાર ૩૧.૬૭ ચોરસ મીટર, રસ્તા અને જમીનનો અવિભાજિત હિસ્સો ૨૩.૩૪ ચોરસ મીટર સાથે, કુલ વિસ્તાર ૫૫.૦૧ ચોરસ મીટર, "આધ્યા વિલા", એન. એ. જમીન, આર. એસ. નં. ૨૫૬૭ પાયકી, ગામ: પીજ, તાલુકો વાસો અને જિલ્લો ખેડા. ચતુ: સીમા - ઉત્તર: સબ પ્લોટ નં. ૧૪, દક્ષિણ: સબ પ્લોટ નં. ૩૭, પૂર્વ: સોસાયટી આંતરિક માર્ગ અને પશ્ચિમ: બાંશ્રીવિલા સોસાયટી

Sr	અનામત કિંમત	અર્નેસ્ટ મની ડિપોઝિટ	ઈ-ઓક્શન વેચાણની તારીખ અને સમય	કબજાની સ્થિતિ
1	રૂ. ૨૩,૫૦,૦૦૦/ (રૂપિયા ત્રેવીસ લાખ પચાસ હજાર માત્ર)	રૂ.૨,૩૫,૦૦૦/- (રૂપિયા બે લાખ પાંત્રીસ હજાર માત્ર)	૧૯/૦૩/૨૦૨૬- બપોરે ૦૧.૦૦ થી ૦૨.૦૦ વાગ્યા સુધી	પ્રત્યક્ષ કબજો
2.	રૂ. ૧૬,૩૦,૦૦૦/- (રૂપિયા સોળ લાખ ત્રીસ હજાર માત્ર).	રૂ. ૧,૬૩,૦૦૦/- (રૂપિયા એક લાખ ત્રેંસઠ હજાર માત્ર).	૧૯/૦૩/૨૦૨૬- બપોરે ૦૧.૦૦ થી ૦૨.૦૦ વાગ્યા સુધી	પ્રત્યક્ષ કબજો

ગુણક રકમ : રૂ. ૧૦,૦૦૦/- (બિડ ઓફર સુધારવા માટે).

Date & Time of Inspection :- ૨૩/૦૨/૨૦૨૬ થી ૦૨/૦૩/૨૦૨૬ - સવારે ૧૦.૦૦ થી સાંજે ૦૪.૦૦ વાગ્યા સુધી. (સંપર્ક નંબર: શ્રી રજ્જન કૈલાશભાઈ શર્મા– ૯૯૭૯૩૭૮૮૮૭.)

જરૂરી દસ્તાવેજો સાથે EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય : ૧૮/૦૩/૨૦૨૬ – બપોરે ૦૧.૦૦ વાગ્યા

સંપર્ક સરનામું: ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, ૩૦૫-૩૦૬, ત્રીજો માળ, અભિશ્રી એડ્રોઇટ, સનરાઇઝ મોલ પાસે, માનસી સર્કલ, જજીસ બંગ્લો રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૧૫. સંપર્ક વ્યક્તિ: શ્રી મહિપાલસિંહ સિસોદિયા – ૯૯૭૯૮૮૦૮૮૮, અને શ્રી જયેશ દેસાઇ – ૯૯૧૭૮૯૯૦૯૪.

નિયમો અને શરતો: ૧. રસ ધરાવતા ખરીદદારોને વિગતવાર નિયમો અને શરતો માટે બેંકની વેબસાઇટ https://equitas.bank.in/ ની મુલાકાત લેવાની સલાહ આપવામાં આવે છે. આ સૂચના બેંકની સત્તાવાર વેબસાઇટ https://equitas.bank.in/important-notices/ પર પણ અપલોડ કરવામાં આવી છે. ૨. હરાજી વેચાણ 'ઓનલાઈન ઈ-ઓક્શન' હશે. https://BidDeal.in. વેબસાઇટ દ્વારા બોલી લગાવવામાં આવશે.

તારીખ - ૧૩.૦૨.૨૦૨૬
સ્થળ - ગુજરાત
નોંધ : (વિવાદ ની સ્થિતીમાં અંગ્રેજી આવૃતિને માન્ય રાખવામાં આવશે)

અધિકૃત અધિકારી,
ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક લિ.